# શ્રાવણમાં યંગસ્ટર્સ મહાદેવમય : વ્રતથી વાઈબ્સ સુધી...

**LifeStyle Trends**

એવું કહેવાય છે જેને શિવ સાથે લવ થઈ જાય તેને લાઈફમાં બીજી વાર કોઈ સાથે લવ નથી થતો. યુવા પેઢી માટે શ્રાવણ મહિનો હવે માત્ર મંદિરમાં જઈને દર્શન કરવા સુધી સીમિત નથી રહ્યો પણ તેઓ પરંપરાને વળગી રહીને ડિજિટલ ભક્તિ અને ડિજિટલ ડિટોક્સ તરફ વળ્યા છે. ભજન, મંત્ર અને ધાર્મિક કન્ટેન્ટને ડિજિટલ માધ્યમથી શેર કરે છે. ડિજિટલ ડિટોક્સ એટલે થોડો સમય મોબાઈલ પરથી ધ્યાન હટાવી ધ્યાન, તપ, જાપમાં મન પરોવે છે. શિવાલયમાં ભક્તિનો માર્ગ સ્પિરિચ્યુઅલ એક્સપિરિયન્સ બની જાય છે. મંદિરમાં સેવાકીય કાર્યો કરી ભક્તિને સેવાના માધ્યમ સાથે જોડવાનો અભિગમ પણ જોવા મળે છે. તો ચાલો આપણે 2026માં યંગ જનરેશનની નજરથી શ્રાવણ મહિનો અને તેની આસપાસ જોડાયેલા માહોલ પર આ લેખના માધ્યમથી ચર્ચા કરીએ....



## શ્રીખંડ કપ્સ, ફરાળી બાઉલ, કોકોનટ બાઈટ્સનો પ્રસાદ



પહેલાં ભગવાનને ચઢાવવામાં આવતા પ્રસાદમાં ડ્રાયફ્રૂટ્સ, રવાનો શિરો, સિંગ-સાકરીયા, ફ્રૂટ્સનો સમાવેશ થતો. શ્રાવણમાં ભગવાન શિવજીને અર્પણ કરવામાં આવતા પ્રસાદમાં હવે મખાણા, રાજગરા, શકકરિયાની ખીર, ઉપરાંત સાબુદાણાની ખીર, રાજગરા, મખાણા અને ડ્રાયફ્રૂટ્સમાંથી બનાવેલી મીઠાઈઓ, કોકોનટ ડ્રાયફ્રુટ લાડુ અને હવે તો ફરાળી મોહનથાળ ઉપરાંત કોકોનટ બાઈટ્સ, ફરાળી બાઉલ, ડેકોરેટિવ મેંગો શ્રીખંડ કપ્સ અને પંચામૃત કપ્સના પ્રસાદનો ટ્રેન્ડ પણ જોવા મળી રહ્યો છે. હવે તો પ્રસાદ પણ અલગ અલગ થીમ પ્રમાણે જેમકે શિવલિંગ કે ત્રિશૂળના આકારમાં સજાવીને મૂકવામાં આવે.



## દરેક વારના અલગ અલગ કલરના ફુલોથી શ્રૃંગાર

શ્રાવણ મહિનામાં શિવજીના મંદિરોમાં અલગ અલગ કલરના સુગંધિત ફૂલોથી શિવલિંગનો શ્રૃંગાર કરવામાં આવી રહ્યો છે. સોમવારે સફેદ આંકડા, જુઈ, લીલી, રજનીગંધાના ફૂલો, મંગળવારે લાલ કલરના ગુલાબ અને કરેણ, બુધવારે યેલો કલરના ગલગોટા, ગુલાબથી શિવલીંગનો શ્રૃંગાર થાય છે. આ ઉપરાંત કેસરી કલરના ગલગોટા, અપરાજીતાના વાદળી કલરના ફૂલોનો ઉપયોગ પણ થતો હોય છે. આ ફૂલોની સુગંધથી શિવાલયો મહેકી ઉઠે છે. અલગ અલગ કલરના ફૂલો લેવા વહેલી સવારે શિવભક્તો ફૂલ માર્કેટમાં પહોંચી જતા હોય છે.

## યંગસ્ટર્સમાં સાત્વિક જીવન શૈલીનો ટ્રેન્ડ

સુરતી યુવાનો અને વેલનેસમાં રસ ધરાવતા લોકો માટે શ્રાવણ માત્ર પૂજાપાઠ પૂરતો ના રહેતા માઈન્ડફૂલ લિવિંગ સાથે જોડાઈ રહ્યો છે. સવારની શરૂઆત જાપ, ધ્યાન અને યોગથી કરે છે. જેનાથી દિવસની શરૂઆત શાંતિપૂર્ણ રીતે થાય છે. યંગસ્ટર્સ શ્રાવણ દરમિયાન દિવસમાં એક વખત ખાવાનું અને સંધ્યાકાળ બાદ માત્ર પાણી પર રહેવાનું. કેટલાંક યુવાઓ તો મંદિરમાં વિષ્ણુ સહસ્ત્ર નામાવલીનો જાપ સાથે ભગવાનની આશુતોષ સ્તુતિ અને સાતથી આઠ મંત્ર બોલે છે. વળી, ખોટી વસ્તુ ઓછી બોલવાની આ રીતની સાત્ત્વિક જીવનશૈલી યંગસ્ટર્સ શ્રાવણમાં પસંદ કરે છે.



## સોશ્યલ મીડિયા પર હર હર મહાદેવના સ્ટેટ્સ અને રિલ્સનો ટ્રેન્ડ

યુવાનો માટે સોશ્યલ મીડિયા ભગવાન પ્રત્યે પોતાની શ્રદ્ધા અને આધ્યાત્મિક લાગણીને પોતાની જ ભાષા અને ક્રિએટીવ અંદાજમાં વ્યક્ત કરવાનું માધ્યમ પણ બની રહ્યું છે. હવેના જમાનામાં ભક્તિ માત્ર મંદિર સુધી સીમિત નથી રહી પણ તેનો રંગ સોશ્યલ મીડિયામાં જોવા મળી રહ્યો છે. યંગસ્ટર્સ મહાદેવ પ્રત્યેની પોતાની આસ્થા વ્યક્ત કરવા માટે ભક્તિભર્યા સ્ટેટસ, ફોટા અને શોર્ટ રિલ્સ શેર કરે છે. યુવાનોમાં મહાદેવ સાથે જોડાયેલા વીડિયો, મંદિરના દર્શન, શિવલિંગ પર પાણી-દૂધનું અભિષેક, આરતી અને ધાર્મિક સ્થળોની ઝલકને રીલના સ્વરૂપમાં વ્યક્ત કરવાનો ટ્રેન્ડ છે.



## યંગસ્ટર્સ મંદિરમાં આ સેવાઓ આપે છે

યંગસ્ટર્સ શિવાલયોમાં પૂજા અર્ચના સાથે સેવા કાર્યો પણ કરતા હોય છે. મંદિર પરિસરની સફાઈ, વૃદ્ધ અને દિવ્યાંગ ભક્તોની મદદ, ભક્તોની લાઈન જાળવવી, આરતી સમયે ફૂલોની સજાવટ, બિલ્વપત્ર, ધૂપદીપ ગોઠવવામાં મદદ, કોઈ મોટા મંદિર દ્વારા મેડિકલ કેમ્પ હોય તો તેમાં સ્વયંસેવક તરીકે સેવા આપીને ભોલેનાથની ભક્તિ કરી લે છે. તીર્થ નામનો 17 વર્ષનો મહાદેવનો ભક્ત રોજ શિવ મંદિરમાં આરતી અને સંધ્યા સમયે પણ શંખ વગાડવાનું કામ કરીને શિવજીની આરાધના કરે છે.

## શિવ મંદિરની આસપાસ મિની માર્કેટમાં આ વસ્તુઓની ખરીદી



શ્રાવણ મહિનામાં અને જન્માષ્ટમી, શિવરાત્રી ધાર્મિક ફેસ્ટિવલ્સ વખતે મંદિરની આસપાસ મીની માર્કેટ જેવું ભરાય છે. ત્યાં ખાસ તો ફ્રૂટ્સ, ફ્લાવર્સ, ભગવાનના ફોટા, અગરબત્તી, પૂજાની થાળી વગેરે વસ્તુઓ વેચાતી હોય છે, જેની ખરીદી સવાર સાંજ શ્રધ્ધાળુઓ કરતા હોય છે. શ્રાવણમાં ફૂલ માર્કેટમાં ધતુરાના ફૂલ, બિલ્વપત્ર, ગલગોટા, ગુલાબ, લીલી, સેવંતી, જુઈની ડિમાન્ડ રહેતી હોય છે.

---

**મેરી સુરત દેખો આંખે**

**ગજેન્દ્ર મજીઠિયા**

**‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**

## કરીશું દારૂની મહેફિલ હશે જો જન્મદિન, બોલાવીશું મિત્રોને ને થશું નશામાં લીન...




ઝૂમ બરાબર ઝૂમ શરાબી, ઝૂમ બરાબર ઝૂમ... હોય જો જન્મદિન તો અમે સઘળા થઈશું દારૂમાં તલ્લીન... ગેમ રમવાના નામે પેટમાં ઠાલવીશું દારૂ અને અમે કરીશું જીવન સારું... બનાવીશું એક પછી એક પેગ અને પછી પાર્ટીને આપીશું વેગ... છીએ અમે સુરતનું યુવાધન અને રાતભર કરીશું પાર્ટીમાં ધનાધન... પીવા માટે ફેંકીશું પાસાં અને જ્યાં આવે કુકરી, ભરતાં જ રહીશું ગ્લાસ કે સવાર નથી ઢુંકડી... રાતભર પીતા જ રહીશું અમે તો ચેનકેન, ભલે છોડી દેવા પડે અમારે અડધા ભરેલા દારૂના કેન...

---

**“યાહોમ કરીને પડો, ફતેહ છે આગે” આ સિંહગર્જના ગુજરાતીઓને આપનાર અને “જય જય ગરવી ગુજરાત” જેવું દરેક ગુજરાતીને ગર્વ અનુભવ કરાવતું ગીત લખનાર વીર કવિ નર્મદની જન્મજયંતિ ૨૪ ઓગસ્ટના રોજ છે. આ એ કવિ નર્મદ છે જેમણે આપણને ગુજરાતીઓને ભાષાકીય અને સાંસ્કૃતિક ઓળખ આપી છે. કવિ નર્મદ જેવું રત્ન સુરતથી છે એ જાણી આપણે સૌ સુરતીઓ ગર્વ લઈ શકીએ છીએ. સુરતનાં અણમોલ રત્ન એવા વીર કવિ નર્મદ વિષે આજે વાત કરીએ....**

# વીર નર્મદ: ગુજરાતના અગ્રેસર સાહિત્યકાર અને સમાજસુધારક

**વિસરાયેલો વારસો**
**તાપી તટે ભીંજાયેલો ભૂતકાળ**
**વિમ્મી વિષ્ણુ ચેવલી**





શું સુરતીઓને ૧૮૮૦નાં દાયકાના એ નિર્ભિક અને ક્રાંતિકારી કવિ યાદ છે ખરા? આપણામાંથી કેટલાએ નર્મદનું ઘર જે “હેરીટેજ પ્રોપર્ટી” તરીકે સાચવવામાં આવ્યું છે તે જોયું છે? કદાચ આપણે જ આપણો ઈતિહાસ અને વારસો ભૂલી ગયા છીએ! પણ આ વીર કવિ નર્મદે આપણામાં આપણો ગુજરાતી હોવાનો અહેસાસ જીવતો રાખ્યો છે. એટલે માત્ર આપણે સુરતીઓ જ નહિ પણ આખું ગુજરાત તેમનું ઋણી છે. આજે પણ તેમની સ્મૃતિ, તેમની રચનાઓ તેમની જીવનકથની આપણને અત્યાધુનિક સમયના ઝંઝાવાતો વચ્ચે પણ પોતાના મૂળિયાં અને સામાજિક મૂલ્યો સાથે અતૂટ રીતે જોડાઈ રહેવાની અને સત્ય માટે લડવાની પ્રેરણા આપે છે.

સુરતના એક સામાન્ય પરિવારમાં જન્મેલા નર્મદનું બાળપણ અને યુવાની સંઘર્ષોથી ભરેલા હતા. ૧૮૩૭માં સુરતની મોટી આગમાં તેમનું વંશપરંપરાગત ઘર બળી ગયું હતું. નાની વયે પારિવારિક જવાબદારીઓ અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પણ તેમનો સ્વભાવ અત્યંત મક્કમ અને સ્વાભિમાની રહ્યો. આ પ્રારંભિક મુશ્કેલીઓએ જ તેમનામાં એક અતૂટ સંઘર્ષશક્તિ અને આત્મવિશ્વાસનું સિંચન કર્યું હતું, જે પાછળથી તેમના જીવન અને લેખનમાં સ્પષ્ટપણે જોવા મળ્યું.

મુંબઈની ભુલેશ્વરની ગામઠી શાળામાં અને ત્યારબાદ એલ્ફિસ્ટન કોલેજમાં તેમણે અભ્યાસ કર્યો. તેમણે રાંદેર અને સુરતમાં શિક્ષક તરીકે સેવાઓ આપી હતી. પરંતુ નોકરીની પરંપરાગત સુરક્ષા છોડીને તેમણે સંપૂર્ણપણે સાહિત્ય, પત્રકારત્વ અને સમાજસેવાને અપનાવવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો, જે તે સમયમાં એક અભૂતપૂર્વ સાહસ હતું અને તેમણે લોકોની આંખો ખોલવા સામયિક શરૂ કર્યું જેનું નામ હતું “દાંડિયો”... ૧૮૬૪માં તેમણે શરૂ કરેલું ‘દાંડિયો’ સાપ્તાહિક એ માત્ર સમાચારપત્ર નહોતું, પરંતુ તે સમયના અન્યાયી સમાજ અને દંભી પ્રથાઓ સામે ચાબૂક સમાન હતું. આ પત્ર દ્વારા તેમણે જનતામાં તાર્કિક વિચારસરણી અને અન્યાય સામે અવાજ ઉઠાવવાની ભૂખ જગાડી હતી. સાહિત્યિક સાધના માટે તેમણે સુરતના આમલીરાન વિસ્તારમાં ‘સરસ્વતી મંદિર’ નામનું મકાન બનાવ્યું હતું, જે તે સમયે બૌદ્ધિક ચર્ચાઓ અને રચનાત્મક સાહિત્યિક પ્રવૃત્તિઓનું જીવંત કેન્દ્ર બની રહ્યું હતું. આમ, કલમ અને કરણી દ્વારા તેમણે ગુજરાતી માનસને એક નવી દ્રષ્ટિ આપી હતી એટલે જ આજે પણ જો તમે સરસ્વતી મંદિરની મુલાકાત લો તો ત્યાં પ્રેમ અને શૌર્ય લખી ગુલાબ અને કલમ કોતરેલા મળશે.

સામાજિક સુધારણાના મોરચે વીર નર્મદનું પ્રદાન અજોડ અને ક્રાંતિકારી હતું. વિધવા વિવાહની પ્રબળ હિમાયત કરી હતી અને વિધવા દિવાળીબહેનના ગણપત સાથે પુનર્લગ્ન કરાવી સમાજમાં નવો રાહ ચીંધ્યો હતો. બાળલગ્ન અને જ્ઞાતિપ્રથાના દૂષણો સામે અવાજ ઉઠાવ્યો. ભિક્ષુક નાગર સ્ત્રીઓને કાંચળી પહેરીને નાતમાં જમવા પર પ્રતિબંધ હતો, જેની વિરુદ્ધ તેમણે બંડ પોકાર્યું હતું અને એ રિવાજ બંધ કરાવીને જ જંપ્યા હતા. ઉપરાંત કરસનદાસ મૂળજીએ ગુરુઓની પાપલીલા વિરુદ્ધ બદનક્ષીનો દાવો માંડ્યો ત્યારે નર્મદ તેમની સાથે છેલ્લે સુધી સક્રિયપણે ઊભા રહ્યા હતા અને દાંડિયા સામયિકમાં મહારાજની પાપલીલા વિષે લખી તેમની વિરુદ્ધ જનમત ઊભો કર્યો હતો. આવા ક્રાંતિકારી અને સુધારાવાદી પગલાંઓને કારણે રૂઢિચુસ્ત સમાજ દ્વારા તેમને નાતબહાર (સામાજિક બહિષ્કાર) મૂકવામાં આવ્યા હતા. પરંતુ આટલા મોટા સામાજિક બહિષ્કાર સામે પણ તેમનું મનોબળ અડગ રહ્યું અને તેઓ પોતાના સિદ્ધાંતો, સ્વમાન તથા ટેકથી ક્યારેય પાછા હટ્યા નહોતા.

નર્મદનું સાહિત્યિક અને સામાજિક પ્રદાન એટલું વ્યાપક અને યુગપરિવર્તનકારી હતું કે તેમણે ગુજરાતી ભાષાને જડબેસલાક રૂઢિચુસ્તતામાંથી બહાર લાવી આધુનિકતાના ઉજ્જવળ રસ્તે વાળી દીધી. ગુજરાતી સાહિત્યની સૌપ્રથમ આત્મકથા ‘મારી હકીકત’ આપીને તેમણે નિખાલસ લેખનનો પાયો નાખ્યો, તો સાથે જ ‘નર્મકોષ’ અને ‘પિંગળ પ્રવેશ’ જેવા ગ્રંથો દ્વારા ભાષાને વ્યવસ્થિત માળખું આપ્યું. ખાસ કરીને જગતના ઈતિહાસને આલેખતા તેમના મહાન ગ્રંથ ‘રાજ્યરંગ’ માટે તેમણે આશરે ૨૦૦ જેટલા વિવિધ પુસ્તકોનો જે ગહન અને શાસ્ત્રીય અભ્યાસ કર્યો હતો, તે તેમની લેખન પ્રત્યેની નિષ્ઠા અને ગંભીરતાનો પુરાવો આપે છે.

નર્મદને સાચા અર્થમાં “નરોમાં મર્દ”નું બિરુદ એટલા માટે આપવામાં આવ્યું કારણ કે તેમણે ક્યારેય સમાજના ડરથી સત્ય દબાવ્યું નહીં. ૧૯મી સદીના જડ અને રૂઢિચુસ્ત વાતાવરણમાં છાતી ફાડીને લડવાની, અન્યાય સામે પડકાર ફેંકવાની અને પોતાના વિચારો ખુલ્લેઆમ વ્યક્ત કરવાની અજોડ મર્દાનગી ફક્ત નર્મદ જ દાખવી શક્યા. નવલરામે નોંધ્યા મુજબ, તેમના જીવનના અંતિમ શ્વાસ સુધી દેશાભિમાનની મસ્તી, સ્પષ્ટ વાણી અને ઊંચો ટેક અખંડિત જ્યોતની જેમ પ્રકાશી રહ્યા હતા. સુરતમાં આવેલી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ૨૦૦૪થી ‘વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી’ નામ આપીને આ મહાન યુગપુરુષને કાયમી ધોરણે અમર કરવામાં આવ્યા છે. ગુજરાતની ધરતી પર સ્વાભિમાન, સાહિત્યિક ક્રાંતિ અને નિર્ભીકતાનો મજબૂત પાયો નાખનાર આ સાચા સુધારકને આપણી કૃતજ્ઞ વંદના!

**સુરતમાં આવેલી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ૨૦૦૪થી ‘વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી’ નામ આપીને આ મહાન યુગપુરુષને કાયમી ધોરણે અમર કરવામાં આવ્યા છે. ગુજરાતની ધરતી પર સ્વાભિમાન, સાહિત્યિક ક્રાંતિ અને નિર્ભીકતાનો મજબૂત પાયો નાખનાર આ સાચા સુધારકને આપણી કૃતજ્ઞ વંદના!**

**વારસાની વરિયાળી**

**કવિ નર્મદ રોજ સવારે ચાર વાગ્યે ઉઠી હોડીમાં બેસી સામે પાર એટલે કે રાંદેર આવતા બાળકોને ભણાવવા માટે. જોકે ત્યારબાદ જ્યારે તેમને નાનપરાંમાં માસ્તરની નોકરી મળી ગઈ હતી, ત્યારે તેમને ચાહનારા તેમના વિદ્યાર્થીઓ છેક કતારગામ અને રાંદેરથી નાનપરાં તેમની પાસે ભણવા આવવા માંડ્યા હતા.**